**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિત કલા અકાદમી-અમદાવાદ દ્વારા અમલી.**

**રાજયબહાર તથા વિદેશમાં કલાકૃતિઓનાં પ્રદર્શન યોજવા માટે આર્થિક સહાયની યોજના નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫**

ગુજરાત રાજયના પેઇન્ટીંગ, ગ્રાફીકસ, છબીકલા તથા શિલ્પકલાના કલાકરોને તેમની કલાકૃતિઓના રાજ્ય બહાર, દેશના મુખ્ય શહેરોમાં અથવા વિદેશમાં પ્રદર્શન યોજવા માટે આર્થિક સહાય આપવાની યોજના અંતર્ગત સહાય મેળવવા માટે પાત્ર કલાકારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. કલાકારો કે જેમણે ૩ થી ૫ વૈક્તિક પ્રદર્શન અથવા ૫ થી ૭ સામૂહિક પ્રદર્શન યોજેલ હોય તેવા કલાકારોને આ યોજના હેઠળ રાજ્ય બહાર પ્રદર્શન માટે મહત્તમ રૂ.૧,૦૦,૦૦૦/- અને વિદેશમાં પ્રદર્શન માટે આ ઉપરાંત કલાકારોનું ઇકોનોમિક કલાસનું હવાઈ મુસાફરી ખર્ચ "વિઝા ફી" તથા કલાકારના વિમાની રકમ ચૂકવાશે. અરજી ફોર્મ સાથે કલાકારે તેમનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, આધારકાર્ડની નકલ તથા જરૂરી આધાર પુરાવા ફરજિયાત રજૂ કરવાના રહેશે. આ યોજનાના નિયમો તથા નિયત અરજીપત્રક સચિવશ્રી, ગુજરાત રાજય લલિત કલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, ભાઇકાકા ભવન સામે, લો ગાર્ડન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬ સરનામેથી રૂબરૂ (રજાના દિવસો સિવાય) અથવા gujaratstatelalitkalaacademy.com અને lalitkalaacademy.gujarat.gov.in પરથી મેળવી શકાશે. આ અરજીપત્રક ના ફોર્મ સાથે નિયમો સામેલ છે. જેની નોંધ કલાકારોએ લેવી, અને ફાઇલ તે મુજબ તૈયાર કરવાની રહેશે. જેમાં વિગતો ભરીને તારીખ ૧૫/૦૫/૨૦૨૪ સુધીમાં ઉપર્યુક્ત સરનામે પરત મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વધુ વિગતો માટે લલિત કલા અકાદમીનો રૂબરૂ અથવા ફોન નંબર ૦૭૯-૨૬૪૨૫૫૬૨ ઉપર સંપર્ક સાધવા વિનંતી છે.

(ટી.આર.દેસાઇ)
સચિવ
ગુજરાત રાજય લલિત કલા અકાદમી
અમદાવાદ

રમતગમત, **યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિત કલા અકાદમી-અમદાવાદ દ્વારા અમલી.**

**રાજયમાં કલાકૃતિઓનાં પ્રદર્શન યોજવા માટે આર્થિક સહાયની યોજના નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫**

ગુજરાત રાજયના પેઇન્ટીંગ, ગ્રાફીકસ, છબીકલા તથા શિલ્પકલાના કલાકરોને તેમની કલાકૃતિઓના વ્યક્તિગત/ સામુહિક કલાપ્રદર્શન ગુજરાત રાજયમાં યોજવા માટે આર્થિક સહાય આપવાની યોજના અંતર્ગત સહાય મેળવવા માટે આથી પાત્ર કલાકારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. કલાકારો કે જેમણે આર્ટ ટીચર્સ ડિપ્લોમા, ડિપ્લોમા ઇન ફાઇન આર્ટ્સની શૈક્ષણિક લાયકાત મેળવી હશે અથવા જે કલાકારે તેમની કલાકૃતિઓનું ઓછામાં ઓછુ એક વ્યક્તિ / સામુહિક પ્રદર્શન યોજેલ હશે તેવા કલાકારો આ યોજના માટે પાત્રતા ધરાવશે. અરજીફોર્મ સાથે કલાકારે તેમનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અને આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ તેમજ લાયકાતની નકલ ફરજીયાત રજુ કરવાની રહેશે. આ યોજના હેઠળ રાજયમા પ્રદર્શન માટે મહતમ રૂ.૨૫૦૦૦/- નિયમાનુસાર ચુકવાશે. આ યોજનાના નિયમો તથા નિયત અરજીપત્રક સચિવશ્રી, ગુજરાત રાજય લલિત કલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, ભાઇકાકા ભવન સામે, લો ગાર્ડન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬ સરનામેથી રૂબરૂ (રજાના દિવસો સિવાય) અથવા gujaratstatelalitkalaacademy.com અને lalitkalaacademy.gujarat.gov.in પરથી મેળવી શકાશે. આ અરજીપત્રક ના ફોર્મ સાથે નિયમો સામેલ છે. જેની નોંધ કલાકારોએ લેવી અને ફાઇલ તે મુજબ તૈયાર કરવાની રહેશે. જેમાં વિગતો ભરીને તારીખ ૧૫/૦૫/૨૦૨૪ સુધીમાં ઉપર્યુક્ત સરનામે પરત મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વધુ વિગતો માટે લલિત કલા અકાદમીનો રૂબરૂ અથવા ફોન નંબર ૦૭૯-૨૬૪૨૫૫૬૨ ઉપર સંપર્ક સાધવા વિનંતી છે.

(ટી.આર.દેસાઇ)
સચિવ
ગુજરાત રાજય લલિત કલા અકાદમી
અમદાવાદ